ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને બીજા હપ્તા પેટે રૂ.૧.૦૦ કરોડની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત. વર્ષ ૨૦૨૫-૨૬

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/1613/A-1 Section-PF1

સચિવાલય, ગાંધીનગર.

તા.As per e-Sign

**વંચાણે લીધા:**

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫-૦૩-૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2141/A-1
2. અત્રેના વિભાગનો સમાન ક્રમાંકનો તા.તા.૩૧/૦૫/૨૦૨૫નો ઠરાવ
3. સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૧/૦૮/૨૦૨૫નો પત્ર ક્રમાંક: DDCW/૦૧૫૩/૦૭/૨૦૨૫

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે કુલ રૂ.૪.૦૦ કરોડની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના અત્રેના વિભાગના તા.૩૧/૦૫/૨૦૨૫ના ઠરાવ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૧.૦૦ કરોડની વહીવટી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધા ક્રમાંક (૩) પરના તા.૦૧/૦૮/૨૦૨૫નાં પત્રથી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૪.૦૦ કરોડની વહીવટી ગ્રાન્ટમાંથી બીજા હપ્તા પેટે રૂ.૧.૦૦ કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ ૨૦૨૫-૨૬માં ફાળવવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ.૪.૦૦ કરોડની વહીવટી ગ્રાન્ટમાંથી બીજા હપ્તા પેટે રૂ.૧.૦૦ કરોડ (અંકે રૂપિયા એક કરોડ પુરા) ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.
2. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
3. સને ૨૦૨૫-૨૬ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
4. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
5. નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
6. હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટની માંગણી કરતા પહેલાં આ ઠરાવથી છૂટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.
7. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું

કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર: ૧૯૦ જાહેર ક્ષેત્રની સહાયક અને અન્ય નીચે મુજબ, પેટા સદર: ૦૧ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપરત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૧૮/૦૮/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ)
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2025.08.20
14:56:32 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*